

**સે. ૨૧ની મહાવીર સોસાયટીમાં ગંદકીના ઢગ**

ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાન અને વાઈબ્રન્ટ સમિટના પ્રતાપે નગરના રાજમાર્ગો અને જાહેર સ્થળો ચોખ્ખા ચણાક થઈ ગયા છે. પરંતુ હજુ પણ સેક્ટરોના અંતરિયાળ ભાગોમાં ગંદકીનું પ્રમાણ અનેક ઠેકાણે યથાવત છે. સે. ૨૧માં મહાવીર સોસાયટીમાં આવેલ એક ખુલ્લા પ્લોટમાં સતત થઈ રહેલી ગંદકી આ બાબતની ચાડી ખાય છે. આ કચરાના ઢગની આસપાસ રહેણાંક વિસ્તાર હોઈ અહીંના રહીશોના આરોગ્ય સામે ખતરો ઉભો થવા પામ્યો છે. સતત સ્વચ્છતાના બણગા ફુંકતી મનપાના સફાઈ કર્મચારીઓને શું આ સેક્ટરના મુખ્ય માર્ગો પાસેની ગંદકી દેખાતી નહી હોય તેવો પ્રશ્ન રહીશોને સતાવી રહ્યો છે. આ વિસ્તારની સફાઈ સાથે ત્યાં ફરી ગંદકી ના થાય તે માટે તેને જવાબદાર નાગરિકો તેમજ કર્મચારીઓને પણ પદાર્થપાઠ ભણાવાય તેવી જનતામાં માંગ ઉઠવા પામી છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## ગાંધીનગરમાં વિરપ્પન જન્મ્યો..!

# બોરીજ સ્થિત આયુર્વેદિક ઉદ્યાનમાં ચંદન ચોરો સક્રીય

### પખવાડીયા પહેલા ચંદનના લાકડાની ચોરી બાદ હવે ચંદનનું ઝાડ ચોરી થયુ : પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં મુખ્યમંત્રી નિવાસસ્થાનને અડીને આવેલા બોરીજ ગામમાં સ્થિત આયુર્વેદિક ઉદ્યાનમાં ચંદન ચોરો સક્રીય થયા છે. એક પખવાડિયા પહેલા જ આયુર્વેદિક ઉદ્યાનમાંથી ચંદનના લાકડાની ચોરી થવા પામી હતી તે ગુનાની તપાસ હજુ ચાલુ થાય ત્યાં તો વધુ એક ચંદનના ઝાડની ચોરી થઈ જવા પામી છે. સો. ૨૧ પોલીસમથકમાં આ ચંદન ચોરી અંગે ગુનો દાખલ થવા પામ્યો છે.

બોરીજમાં તૈયાર કરવામાં આવેલા આયુર્વેદિક ઉદ્યાનમાં સંખ્યાબંધ કિંમતી ઔષધીઓ ઉછેરવામાં આવી છે. આ ઉદ્યાનમાં હવે ચંદન ચોરોએ પગપેસારો કરી નાંખ્યો છે. પખવાડીયા પહેલા આયુર્વેદિક ઉદ્યાનમાંથી દિવાલમાં બાકોરૂ પાડીને કેટલાક શખ્સો અંદાજે પાંચ ફુટ લાંબુ રૂ. ૨૫ હજારની કિંમતનું ચંદન ચોરી ગયા હતા. ત્યાર બાદ હવે આ જ ઉદ્યાનમાંથી ફરી એક વાર ચંદનની ચોરી થવા પામી છે. રાત્રીના બે વાગ્યાના અરસામાં રૂ. ૨૫ હજારનું એક ચંદનનું ઝાડ ચોરી થઈ જવા પામ્યું છે. અધિકારી મીનાબેન ગૌતમભાઈ કોહલીની ફરીયાદને આધારે સેક્ટર- ૨૧ પોલીસે ચંદનચોરીનો ગુનો દાખલ કરી ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

# મીડીયાનું કામ સમાજ ઘડતરનું છે : રમેશ તન્ના

### માહિતી વિભાગ દ્વારા ગતિશીલ ગુજરાત અને સાંપ્રત પત્રકારત્વ વિશે સેમિનાર યોજાયો : તંત્રને ગતિમાં રાખવાનું કામ મીડીયાનું છે : નરેશ દવે

ગાંધીનગર, તા. ૯

-ાદેશિક માહિતી કચેરી, અમદાવાદ અને જિલ્લા માહિતી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે માસ કોમ્યુનિકેશન કાર્યક્રમ અંતર્ગત ગતિશીલ ગુજરાત અને સાં-ત પત્રકારત્વ વિષયક સેમિનારનું આયોજન સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, સેકટર૧૭, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ -સંગે ઇ.ટીવીના વરિષ્ઠ પત્રકાર શ્રી નરેશ દવે અને ગુજરાત કનેકશન, ઓસ્ટ્રેલિયાના તંત્રી અને જાણીતા પત્રકાર શ્રી રમેશ તન્નાએ પોતાની આગવી શૈલીમાં વિષયને અનુલક્ષીને ઉદ્દબોધન કર્યું હતું.

આ -સંગે ગુજરાત કનેકશન, ઓસ્ટ્રેલિયાના તંત્રી અને જાણીતા પત્રકાર શ્રી રમેશ તન્નાએ જણાવ્યું હતું કે, ગુજરાત અને ગતિનો બહુ ઘાટ સંબંધ છે. ગુજરાતીની ઓળખ સફળતા, વિવેક, નિર્ણયશક્તિ અને સહિષ્ણુતા આજે વિશ્વમાં જાણીતા છે. બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજય અલગ પડ્યું ત્યારથી અનેક મુખ્યમંત્રીશ્રીઓએ ગુજરાતની વિકાસ ગતિને આગળ ધપાવી છે. શ્રી સ્વ. ચીમનભાઈ પટેલે નયા

● અનુસંધાન પાના - ૭ પર





# કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી કપાસની ખરીદી શરૂ કરે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૯

કેન્દ્ર અને ગુજરાત સરકાર ખેડૂતો પાસેથી કપાસની ખરીદી શરૂ કરે અને તેમને પોષણક્ષમ ભાવો આપીને નુકશાનીમાંથી બચાવવા માટેના પ્રયાસો કરે તેમ વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

કપાસના પોષણક્ષમ ભાવો ખેડૂતોને મળતા નહી હોવા અંગે રાજ્ય અને કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કેન્દ્રમાં જ્યારે યુપીએ-૧ અને યુપીએ-૨ કોંગ્રેસ સરકાર હતી તે વખતે વગર માગ્યે કોંગ્રેસ સરકારે દેશના અને ખાસ કરીને ગુજરાતના કપાસ પકવતા ખેડૂતોને એમએસપીની જાહેરાત કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેવી વ્યવસ્થા ગોઠવેલી. આ ઉપરાંત સી.સી.આઈ.નું પણ ધ્યાન દોરીને નેશનલાઈઝ બેન્કો પાસેથી દસ હજાર કરોડ રૂપિયા લોન લઈ ખેડૂતોને જે તે વખતે પોષણક્ષમ ભાવ આપી ખેડૂતોને મોટી નુકશાનીથી બચાવી લીધા હતા.

તેમણે જણાવ્યું હતું કે જો કિસાનસંઘ ખેડૂતોના સાચા હામી હોય તો હવે કેન્દ્ર અને રાજ્યમાં એમની સરકાર છે ત્યારે સરકાર પાસેથી કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવ અપાવે અને ખેડૂતોના મુદ્દે કરાતી રાજનીતિ બંધ કરે. કોંગ્રેસના શાસન વખતે પોતાના જ ગાલ ઉપર તમાચો મારીને આજ ભાજપ અને તેના સાથીદારો મત લેવા માટે થઈને એવી જાહેરાત કરતાં હતા કે કપાસના ભાવ લઘુત્તમ ૧૫૦૦ રૂપિયા મળવા જોઈએ. તો હવે એમનો સમય આવ્યો છે. ત્યારે કેન્દ્ર અને ગુજરાત સરકાર કપાસ પકવતા ખેડૂતોની પાસેથી કપાસની ખરીદી ચાલુ કરી તેમને પોષણક્ષમ ભાવ આપી અને બચાવી લેવા જોઈએ તેમજ અન્ય ખેત પેદાશો જેવી કે ડાંગર મગફળી તેલીબીયા પાકોને પણ પોષણક્ષમ ભાવ મળે તે માટે પણ સરકારે વિચાર કરવો જોઈએ.

વાયબ્રન્ટ સમિટ અંગેની પ્રતિક્રિયા આપતાં તેમણે જણાવ્યું હતું કે ૧૨ દેશના વડા ભાગ લે કે ૨૦ દેશના વડા ભાગ લે એનાથી ગુજરાતની પ્રજાને શું લાભ થવાનો છે ? રાજ્યમાં ૨૦૧૩ સુધી જે વાયબ્રન્ટ સમિટ થયા તેનુ ૧૦ ટકા એટલે કે બે આંકડામાં પણ અમલીકરણ થયું નથી તેની સામે ગુજરાત સિવાયના બીજા રાજ્યો કોઈપણ પ્રકારના આવા વાયબ્રન્ટ સમિટ પાછળ કરોડો રૂપિયા ખર્ચ કર્યા વગર અબજો અને કરોડો રૂપિયાના ઉદ્યોગો પોતાના રાજ્યમાં સ્થાપી શક્યા છે. તો શા માટે ગુજરાત સરકાર આવા વાયબ્રન્ટ સમિટના સ્ટંટ કરી બિન ઉત્પાદક ખર્ચાઓ કરી સરકારની તિજોરીમાં પડેલા રાજ્યની પ્રજાના અબજો રૂપિયાનું આંધણ કરી રહી છે.

# મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં ખાનગી એકમો ભાડે આપતાં માલિકો માટે જાહેરનામું

ગાંધીનગર, તા. ૯

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે, કે ત્રાસવાદી/ અસામાજીક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહયા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી -વૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાના હેતુંથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા જાહેરનામું -સિધ્ધ કરીને મકાન માલીકો માટે ખાસ સૂચના જારી કરવામાં આવી છે.


સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે, ઔધોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને દિન ૧૫માં સત્વરે જાણ કરવાની રહેશે. ભાડે આપેલ મકાન, કે ઔધોગિક વિસ્તારમાં મકાન, એકમોની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નિયત કોલમમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

# રાંધણના સીલીન્ડર ગેસમાં સબસીડીની કાર્યવાહી માટે ગ્રાહકોની તત્પરતા તરવરી

### ૧ જાન્યુ. ૨૦૧૫થી બજાર ભાવે સીલીન્ડર મળશે : જ્યારે સબસીડી ગ્રાહકના બેંક ખાતે જમા થશે

ગાંધીનગર, તા. ૯

કેન્દ્ર સરકારે એલપીજી કનેકશન ધરાવતાં ગ્રાહકોને સબસીડી સીધી તેમના બેંક ખાતામાં જમા મળી શકે તે માટે દેશભરમાં તે અંગેની કાર્યવાહી




હાથ ધરી છે. જેના ભાગરૂપે ગ્રાહકોએ જરૂરી પ્રમાણપત્રો, બેંક ખાતાની વિગતો સાથે ફોર્મ નં. ૧ અને ફોર્મ નં. ૨ જે તે એજન્સી અને બેંક ખાતે જમા કરાવવા તત્પરતા દાખવી છે. જેથી હાલ રાજ્યની દરેક એજન્સીમાં ગ્રાહકોનો ધસારો જોવા મળી રહ્યો છે. જો કે એજન્સી તથા બેંક તરફથી સહકારભર્યુ વલણ અખત્યાર થતાં સૌ કોઈ ગ્રાહકોમાં સંતોષની લાગણી ઉભી થઈ છે.

કેન્દ્ર સરકારના અભિગમ મુજબ રાંધણના સીલીન્ડર ગેસ (એલપીજી) ધરાવતાં ગ્રાહકોને સમયસર અને મૂળ ગ્રાહકને એલપીજી મળે તેવા શુભ આશયથી સબસીડી જે તે ગ્રાહકના જણાવેલ બેંક ખાતામાં જમા કરી સીલીન્ડર બજાર ભાવે જ આપવાનો નિર્ણય કરેલ છે. જનો અમલ તા. ૧ જાન્યુઆરી-૨૦૧૫ થી થઈ રહ્યો છે. અને જે અંગેની જાણ તમામ કંપનીઓએ પોતાના ગ્રાહકોને એસએમએસ દ્વારા કરી દીધેલ છે. જેથી હાલમાં જુદી જુદી ગેસ કંપનીઓની એજન્સી કચેરીએ ગ્રાહકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

સબસીડી સીધી બેંક ખાતે જમા કરવા માટે તંત્ર દ્વારા બે ફોર્મ બહાર પડાયા છે. જેમાં ફોર્મ નં. ૧ એ બેંક લીકીંગ ફોર્મ છે. જે વિગતો ભરીને જરૂરી પ્રમાણપત્રો સાથે બેંકમાં જમા કરાવવાનું છે. જે બેંક સ્વિકારી બેંકના સહી-સિક્કા કરી નીચેની પાવતી ગ્રાહકને પરત આપે છે. જ્યારે ફોર્મ નં. ૨ એ એલપીજી લીકીંગ ફોર્મ છે. જેમાં કંપનીનું નામ, ડીસ્ટ્રીબ્યુટરનું નામ, ગ્રાહક નં., ગ્રાહકનું નામ, સરનામુ વગેરે ભરીને ગેસ એજન્સીએ આપી નીચેની પાવતી એજન્સીના સહી સિક્કા સાથે પરત મેળવવાની છે. આ બંને ફોર્મમાં ચુંટણીકાર્ડ, રેશનીંગકાર્ડ, આધારકાર્ડ, બેંક પાસબુક તથા ગેસની બુકની ઝેરોક્ષ સામેલ કરવાની છે. આધારકાર્ડ ન મળ્યું હોય તે ગ્રાહકે બેંકનો કેન્સલ ચેક સામલે કરવાનો હોય છે.

બેંક તથા ગેસ એજન્સી તરફથી તમામ ગ્રાહકોને સહકાર આપી કાર્યવાહીમાં મદદરૂપ બનવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. જેથી ગ્રાહકોમાં સંતોષ સાથે આનંદ જણાઈ રહ્યો છે. વધુમાં રજુ કરવાના ફોર્મ પણ




(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

એકદમ સરળ હોવાથી આ કાર્યવાહી ગ્રાહકો માટે આવકારદાયક બની છે.

# રીક્ષામાં સીટ પાછળ ચાલકની ડીટેઈલ લખવાનો હુકમ કરાયો

ગાંધીનગર, તા. ૯

જિલ્લા કલેકટરશ્રીએ રીક્ષામાં ડ્રાઈવર સીટ પાછળ ચાલકનો ફોટો, નામ, સરનામુ અને રજીસ્ટ્રેશન નંબર લખવાનો હુકમ કર્યો

ગાંધીનગર જિલ્લાની હદમાં રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી લૂંટી લેવાના બનાવો ભૂતકાળમાં બનવા પામેલ છે. આ બનાવોને નાથવા માટે જિલ્લાની તમામ રીક્ષાઓમાં ડ્રાઈવર સીટની પાછળ રીક્ષા ડ્રાઈવરનો ફોટો, તેમનું નામ, સરનામું અને રીક્ષાનો રજીસ્ટ્રેશન નંબર લખવાનો હુકમ જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે જાહેરનામું બહાર પાડીને કર્યો છે.

જાહેરનામામાં જિલ્લા કલેકટર શ્રી રવિશંકરે વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લામાં રીક્ષામાં પેસેન્જરને લૂંટી લેવાના બનાવો બન્યા છે. જેમાં રીક્ષામાં રીક્ષા ડ્રાઈવર ઉપરાંત તેના સાગરીતો પણ પેસેન્જર તરીકે અગાઉથી બેઠેલા હોય છે. જે સાગરીતો પૈકી મહિલા સાગરીતો પણ હોય છે. તેમજ આવા બનાવોનો ભોગ બનનાર વ્યક્તિની પૂછપચ્છ દરમ્યાન તેમને રીક્ષા ચાલકનો ચેહરો અને રીક્ષા નંબર યાદ હોતો નથી. જેથી આવા ગુન્હા શોધવામાં પોલીસને ઓછી સફળતા મળે છે.

गुजरात केन्द्रीय विश्वविद्यालय
(केन्द्रीय विश्वविद्यालय अधिनियम 2009 के तहत स्थापित)
CENTRAL UNIVERSITY OF GUJARAT
(Established Under Central Universities Act 2009)
Nr. Jalaram Temple, Sector-29, Gandhinagar-382030,
Ph.: 079-29288401, email:registrar@cug.ac.in, Website: www.cug.ac.in

NOTICE INVITING TENDER FOR CATERING SERVICE
(CANTEEN-CUM MESS)
Advertisement No. 11/2014-15

Sealed tenders are invited for providing **Canteen Mess Service** in Central University of Gujarat-Campus, Gandhinagar for Sector 29 & 30. Tender Document Fee ₹ 500 (Rupees Five Hundred only) to be sent along with the tender. Last date & time for submission of duly filled-in tender is **22-12-2014 upto 3:00 p.m.**

Duly filled-in Tender Documents complete in all respects to reach Central University of Gujarat Sector-30, Gandhinagar or to be deposited in the box kept in **Room No. 14**, Sector-29, Near Jalaram Temple, Gandhinagar-382029.

For details and downloading tender documents please visit university website at **www.cug.ac.in**

Registrar (Offg.)

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૨
સૂર્યાસ્ત : ૫.૫૪

### તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૨ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૫૪ ટકા ● સાંજે ૪૨ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
એકશન જેકસન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
એકશન જેકસન : ૧.૦૦, ૪.૦૦, ૯.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૨.૦૦, ૭.૦૦

સ્ક્રીન-૩ :
ઉંગલી : ૧૦.૪૫, ૪.૧૫, ૧૦.૦૦
ઝીદ : ૧. ૧૫, ૭.૧૫

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
એકશન જેકસન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
એકશન જેકસન : ૧.૪૫, ૪.૪૫, ૯.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦

: સ્ક્રીન-૩ :
એકસોડસ ગોડ એન્ડ કિંગ્સ (ઇંગ્લીશ) ૩ડી : ૧૧.૩૦, ૨.૧૫, ૭.૧૫, ૧૦.૦૦
ધ હંગર ગેમ : ૫.૦૦

: સ્ક્રીન-૪ :
એકશન જેકસન : ૧૦.૦૦
ઝીદ : ૧.૦૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૪.૦૦
ઉંગલી : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :
એકશન જેકસન : ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૧૨.૦૦

: સ્ક્રીન-૬ :
એકશન જેકસન : ૪.૪૫
ભોપાલ - એ પ્રેયર ફોર રેન : ૭.૩૦
ઉંગલી : ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**વૃષભ** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવવી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

### ચિરવિદાય

- સ્વ. નાયી મેજાબેન અંબાલાલ (ઉ.વ.૯૩) પ્લોટ નં. ૫૫૨/૧, સેક્ટર-૬બી, ગાંધીનગર
- સ્વ. સુથાર મંગુબેન અંબાલાલ (ઉ.વ.૯૮) મુ. લીંબોદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. છનાજી ઠાકોર (ઉ.વ.૬૫) મુ. ફતેપુરા, સેક્ટર-૧૫, ગાંધીનગર
- સ્વ. નરેશભાઈ રવિમલભાઈ સલાટ (ઉ.વ.૨૬) મુ. છાલા, તા.જી. ગાંધીનગર